
Some Stray Thoughts


જે જીવન જાય છે,
તેમાંથી આપણે શું મેળવી શકીએ એમ છીએ
અને
તેમાંથી આપણે શું મેળવીએ છીએ.


સાચું કે ખોટું,
જે સહન કરે છે,
તે આત્માને એકાંતે લાભદાયી જ છે.


ઘરાક ન આવે તોપણ દુકાન ખુલ્લી રાખવાની અને
ભાવ ન જાગે તો ધર્મક્રિયા છોડી દેવાની ?


તેજીના સમયમાં ધર્મ માટે સમય નથી
અને મંદીના સમયમાં ધર્મ માટે મન નથી;
તો પછી ધર્મ કરવાનો ક્યારે ?


ભેગા થયેલાને જુદા કરે, તેનું નામ મહાભારત.
જુદા થયેલાને ભેગા કરે, તેનું નામ રામાયણ.


પૈસાવાળા પર પ્રેમ બતાવનારને
એ શ્રીમંત પર પ્રેમ નથી,
પણ એની શ્રીમંતાઇ પર પ્રેમ છે;
જયારે આપણને સાધુ પર પ્રેમ છે,
પણ સાધુતા પર જોઇએ તેવો પ્રેમ નથી.

પાણીના નિરર્થક ઉપયોગથી
ઊભા થઇ જતા જંગલોમાં
જેમ માણસ ભૂલો પડી જાય છે,
તેમ વાણીના નિરર્થક ઉપયોગથી
ઊભી થઇ જતી સમસ્યાઓના જંગલોમાં
ભલભલા બુદ્ધિશાળીઓ પણ અટવાઇ જાય છે.

દૃશ્ય બદલવાની જરૂર નથી.
દૃષ્ટિ બદલવાની જરૂર છે.

